ફેબ્રુઆરી ૨૦૧૩

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## ટાળો કંટાળો



# ટાળો કંટાળો

અક્રમ એક્સપ્રેસ

## અનુક્રમણિકા


દાદાજી કહે છે... 1
આ તો નવી જ વાત! ૨
ફરજ ૪
બસ સ્ટોપ ૭
તમારી જાતને ચકાસી જુઓ! ૧૦
મીઠી યાદેં ૧૧
ઐતિહાસિક ગૌરવગાથાઓ ૧૨
ચાલો રમીએ ૧૪
પૂજ્યશ્રી સાથે બાળકો ૧૬
જોક્સ ૨૦


### સંપાદકીય

*બાળમિત્રો,*

*તમને ક્યારેય કંટાળો આવેલો ખરો ? શું વાત કરો છો, ઘડીઘડી આવે છે ? તો તો તમને કંટાળો આવે ત્યારે શું શું થતું હશે એનો પૂરેપૂરો અનુભવ હશે જ. છતાં જો કોઈ આપણને પૂછે કે કંટાળો એટલે શું ? તો આપણે ફક્ત એટલું જ કહી શકીએ કે કંટાળો એટલે કંટાળો. કંઈ ન ગમે અને ક્યાંય ન ગમે એનું નામ કંટાળો.*

*પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં કંટાળાની ખૂબ સુંદર અને ક્યારેય સાંભળી ન હોય, અરે! વિચારી પણ ન હોય એવી વિશેષ વ્યાખ્યા આપી છે. સાથે સાથે કંટાળો કઈ સમજણથી દૂર થઈ શકે એની વાતો પણ કરી છે.*

*માટે જેને ઘડીઘડી કંટાળો આવતો હોય એણે તો આ અંક ખાસ વાંચવા જેવો છે.*

-ડિમ્પલ મહેતા


**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૫, અંક : ૬
સળંગ અંક : ૫૪
**ફેબ્રુઆરી ૨૦૧૩**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
**અમદાવાદ:** (૦૭૯)૨૭૫૪૦૪૦૮

**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.**: ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.**: ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Printed, Published and Owned by :**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City,
Adalaj-382421.
Dist-Gandhinagar.
**Published at Mahavideh Foundation**
Simandhar City,
Adalaj-382421.
Dist-Gandhinagar.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...



'કંટાળો' એ શબ્દનું પૃથક્કરણ કર્યું છે કે કંટાળો નામ શેના પરથી પડ્યું હશે ? આ કાંટા બધા આમ પડ્યાં હોય ને તેની ઉપર આમ પથારી કરી હોય તો પછી કેવી શાંતિ રહે ? પછી કંટાળો આવે. કાંટાની પથારી, એનું નામ કંટાળો.

## ટાળો, કંટાળો!

દાદાશ્રી : કોઈ ફેરો કંટાળો-બંટાળો આવે ખરો કે ?

પ્રશ્નકર્તા : કંટાળો તો આવે ને ! જે વસ્તુ અપ્રિય હોય, એમાં કંટાળો આવે.

દાદાશ્રી : એ તો અણગમો ઉત્પન્ન થાય. આ જગતમાં કોઈ વસ્તુ પ્રિય કરવા જેવી નથી તેમજ અપ્રિય કરવા જેવી પણ નથી. આ રાત્રિ પછી દિવસ ના થાય તો તમને કંટાળો આવે કે ના આવે ? અગર તો દહાડો ને દહાડો જ રહ્યાં કરે તો તમે શું કરો ?

પ્રશ્નકર્તા : તોય કંટાળો આવે.

દાદાશ્રી : તેવું આ જીવનમાં પણ ક્યારેક ગમતું આવે ને ક્યારેક ના ગમતુંયે આવે. એ બે ના હોય તો તો કંટાળો આવી જાય. માટે આ બધું ઈન્ટરેસ્ટ રહે એ માટે છે. હવે લોકો ત્યાં દુઃખ માની બેઠાં છે, તે શું થાય ? રોજ લગનનું જમવાનું હોય તો તમે કંટાળો કે ના કંટાળો ? પછી શું જોઈએ ? મનમાં એમ થાય કે લાવો, ખીચડી ખાઈએ. આવું રોજ ના ફાવે. એવું થાય કે ના થાય ?



પ્રશ્નકર્તા : થાય, કંટાળો આવે.

દાદાશ્રી : હવે ત્યારે તેનો ઉપાય કરવો પડે, પણ આ લોકો તો ઉપાયમાં શું કરે છે કે ટી.વી. જો જો કરે, દોડાદોડ કરે છે. કંટાળો આવે પણ સહનશક્તિ છે નહીં, એટલે આમ દોડાદોડ કરે છે, તેનાથી થોડી વાર મજા આવે પણ પછી પાછો કંટાળો ચાલુ.

પ્રશ્નકર્તા : તો શું ઉપાય કરવો ?

દાદાશ્રીઃ ત્યારે વિચારવું કે આપણી શું ભૂલ થાય છે?

પ્રશ્નકર્તાઃ કંટાળો આવે એમાં આપણી શું ભૂલ હોય ?


દાદાશ્રીઃ મહીં બધો ઊંધો માલ ભર્યો છે જે તને આ ઊંધું દેખાડે છે. જ્યારે છતું હોય ને તે ઊંધું દેખાડે (કુદરત બધું સારા માટે કરી રહી છે તેનેય ઊંધું દેખાડે). ત્યારે આપણે શું જાણીએ ?

પ્રશ્નકર્તાઃ આપણી ઊંધાઈ.

દાદાશ્રીઃ હા, તે આ ભૂલ.


# આ તો નવી જ વાત !

આનંદ હોય ત્યાં
થાક ના હોય,
કંટાળો ના હોય.




જે સુખનું પ્રમાણ વધી જાય પછી ત્યાં જ કંટાળો આવે અને એમાં દુઃખ લાગે. એક સાથે કેટલો આઈસ્ક્રીમ ખાઈ શકાય ? પછી તો એમ થાય ને કે બસ હવે નહીં.

જેણે જેમાં સુખ માન્યું હોય એમાં એને સુખ દેખાય. બાકીમાં કંટાળો આવે. કોઈને વાળ લાંબા નથી થતા તેથી કંટાળો આવે અને કોઈને ઘડીઘડી વાળ લાંબા થઈ જાય છે અને કપાવવા જવું પડે તેનો કંટાળો આવે.



કોઈની રાહ જોવામાં બહુ કંટાળો આવે. ત્યારે આપણે ત્રિમંત્ર, પ્રાર્થના કે વિધિ બોલવાનું શરૂ કરી દીધું કે કંટાળો ગાયબ.


પોતાની ભૂલો પર કંટાળો આવવા લાગ્યો એટલે સમજવાનું કે એ ભૂલો હવે જશે. દા.ત. કંટાળો આવે કે ક્યાં સુધી હું બધાને દુઃખ આપ્યા કરીશ ? એવું થાય ત્યાર પછી દુઃખ આપવાનું ઓછું થતું જશે.






ફરજ
રાજઘરાનામાં જન્મેલા કુંવર પ્રતાપસિંહને નાનપણથી જ ખૂબ જાહોજલાલી હતી. એક વસ્તુ માંગે અને દસ હાજર થઈ જાય. છતાં તેઓ સુખી નહોતા. કોઈ પણ વસ્તુ કે પ્રવૃત્તિથી તેઓ થોડાક જ સમયમાં કંટાળી જતા.
રાજાને એમના કુંવર માટે ખૂબ ફિકર રહેતી.
આવા કુંવરને રાજગાદી કેવી રીતે સોંપીશ, જેને પોતાની જવાબદારીઓ નભાવવાનો કંટાળો આવે છે, રાજ્યનું કામ કરવામાં સહેજ પણ રસ નથી. મારા ગયા પછી આ રાજ્યનું શું થશે ?
ઘણું સમજાવવા છતાંય, કુંવર પ્રતાપસિંહને એમની ફરજો પ્રત્યે કંટાળો જ રહ્યાં કરતો. ફરજો બજાવવાની આવે, ત્યારે તેઓ છટકબારી જ શોધતા.
મંત્રીજી, ગોમતીપુરના રાજા સાથેની મારી કાલની સભા તમે સંભાળી લેજો.
કુંવર, આપના પિતાજી નારાજ થશે. એ રાજાનો આપણા રાજ્ય પર ઘણો ઉપકાર છે. મુશ્કેલીના સમયે તેઓએ આપણી ઘણી મદદ કરી હતી. તમારે એમને મળવું જોઈએ.
ના, પણ મને એ રાજા જરાય પસંદ નથી. અને આ વાર્તાલાપો કરવાનો મને ખૂબ કંટાળો આવે છે. ખરું કહું તો મને આ બધું ફાવતું પણ નથી.


કુંવર અને મંત્રીજીની વચ્ચે પ્રેમવાળો સંબંધ હતો. મંત્રીજીએ નાનપણથી કુંવરની દેખભાળ કરી હતી.
કુંવર, વાર્તાલાપ કર્યા વગર આપણે એમના રાજ્યમાંથી માલ - સામાન કેવી રીતે આયાત કરીશું ? આપ, જો આપના આ ફરજીયાત કામને "ગમતું" કરી નાખશો, તો પછી કામ કરવાની શક્તિ પણ આપને ચોક્કસ મળી રહેશે. બસ, તમે આ કામમાં રસ લો, તમને ચોક્કસ આ કામ ગમવા લાગશે.
પણ, મને આ બધું કામ નથી જ ગમતું. આવી ફરજો મને કબૂલ નથી. રાજ્યની દેખરેખ તો પિતાજી કરી જ રહ્યા છે, અને મદદમાં સાથે આપ પણ છો.
મંત્રીજી, આજે બપોરે તમે વેશ પલટો કરી, રાજ્યમાં પ્રજા સુખ-શાંતિમાં છે કે નહીં એની ખબર લેવા જજો. સાથે કુંવરને પણ લેતા જજો.
જેવી આપની આજ્ઞા, મહારાજ.
મંત્રીજીએ શેઠનો વેશ પહેર્યો, અને કુંવરે શેઠના દીકરાનો વેશ પહેર્યો. મહેલમાંથી બહાર નીકળતાં તેઓએ અમુક મજૂરો અને કારીગરોને જોયા.
જોર લગા કે......હોઈશા.....
કેમ ચાલે છે કામકાજ, ભાઈ ?
રાજાની મહેરબાનીથી બધું સારું ચાલે છે.
આટલું કઠિન કામ કરે છે, છતાંય એમના મોઢા પર સહેજે કંટાળો નથી ? કેવા આનંદમાં દેખાય છે બધા ! આ કેવી રીતે શક્ય છે ?



થોડે આગળ જતાં,
પૂરી તળવાની કેવી મજા, ભાઈ કેવી મજા !
ધંધાપાણી કેવા ચાલે છે, ભાઈ ?
રાજાની કૃપાથી બધું કુશળ મંગળ છે.
આ માણસ પરસેવાથી રેબઝેબ છે, છતાંય આવા મુશ્કેલ કામમાં મજા માને છે ! આવું કેવી રીતે બને ?
ભાઈ, આટલી ગરમીમાં તમને આ ગરમ-ગરમ તેલ પાસે કામ કરવાનું ગમે છે ? કંટાળો નથી આવતો ?
અરે, એમાં કંટાળો શાનો ? આ તો મારી રોજી રોટી છે. ફરજ છે. આમ પણ, રાજીખુશીથી કરું કે કંટાળીને કરું, પણ કર્યા વગર છૂટકો જ નથી, ફરજિયાત છે. તો પછી ખુશીથી કેમ ના કરું ?
કેવી સમજુ છે આ પ્રજા ! કેવી રાજીખુશીથી એમની કઠિન ફરજો બજાવે છે. પિતાજી પણ એમની ફરજ કેવી સુંદર રીતે બજાવી રહ્યાં છે, જેના કારણે એમની પ્રજા એમનાથી આટલી સંતુષ્ટ છે. મને તો બધી જ સુખ અને સગવડ છે. કોઈ પણ કામમાં મારું ચિત્ત ચોંટતું નથી એટલે કંટાળેલો અને દુઃખી રહું છું. જો હું પણ મારા કામ રસપૂર્વક કરીશ તો કેટલો આનંદમાં રહી શકીશ !
મહેલમાં પાછા ફરતી વખતે,
“મંત્રીજી, ગોમતીપુરના રાજા સાથેની સભા કેટલા વાગે છે ?”
મંત્રીજી મીઠું હસ્યા.

# બસ સ્ટોપ

ચાર વાગી ને તેત્રીસ મિનિટે તન્વીની સ્કૂલ-બસ સંયમપુરના બસ-સ્ટોપ આગળ આવીને થોભે. એ બસ-સ્ટોપ પર એને બસ બદલવાની હોય. ઘરે લઈ જતી બસ લગભગ પાંચમાં દસે આવે. એટલે કે રોજ સત્તર મિનિટ તન્વી અને બીજા બાળકો, એ બસ-સ્ટોપ પર ગાળતા.

એ બસ-સ્ટોપ પર સત્તર મિનિટ ગાળવી, એ બાળકો માટે એક મોટી સજા હતી. એ જગ્યા અત્યંત અપ્રિય અને દયાજનક સ્થિતિમાં હતી. વાતાવરણમાં ટ્રાફિકના ઘોંઘાટ અને વાહનોમાંથી નીકળતા દુર્ગંધવાળા ધુમાડાથી બાળકો ત્રાસી જતા. એટલું જ નહીં પણ જગ્યાની ગંદકીમાં વધારો કરવા માટે, ત્યાં એક ખૂણામાં લોકોએ કચરો નાખ્યો હતો. કોલ્ડ-



ડ્રીંક્સના કેન અને ફૂડ-રેપર્સનો ત્યાં ઢગલો હતો. દીવાલો પર પણ વિચિત્ર લખાણ અને ચિત્રો દોર્યા હતા. આવી જગ્યાએ સત્તર મિનિટ ગાળવી એ તો સજા જ લાગે ને!

પણ તન્વી પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. બસનું ટાઈમ-ટેબલ તો એ ચેન્જ ન કરી શકે! અને ઘરે જવા માટે બીજો કોઈ રસ્તો પણ નહોતો. એટલે, છેવટે કંટાળીને પણ સત્તર મિનિટ એ બસ-સ્ટોપ પર કાઢવી જ રહી.

એક દિવસ બસ-સ્ટોપ પર બેઠા બેઠા તન્વીને વિચાર આવ્યો, "મારી જિંદગીનો આટલો મુલ્યવાન ટાઈમ હું રોજ આ બસ-સ્ટોપ પર નકામો જતો કરું છું. રોજ આ સમય કંટાળામાં વેડફવા કરતાં, હું આ સમયનો સદુપયોગ કરું તો કેટલું સારું. આ સમયનો એવો સદુપયોગ કરું કે આ સત્તર મિનિટ ફક્ત મારી એકલી માટે જ નહીં પણ બધા માટે આનંદદાયક બનાવું." આમ તન્વીને કંટાળામાંથી બહાર નીકળવા માટે એક ઉપાય સૂઝયો.

ઘરે જઈને તન્વીએ થોડી પ્લાસ્ટિક બેગ સ્કૂલ બેગમાં પેક કરી અને મમ્મી પાસે હાથના મોજા માંગ્યા. બીજા દિવસથી, રોજ સત્તર મિનિટ માટે તન્વી હાથમાં મોજા પહેરી, બસ-સ્ટોપ પર ફેંકાયેલો કચરો પ્લાસ્ટિક બેગમાં ભરવા લાગી.

આ જોઈને એની સ્કૂલના બીજા વિદ્યાર્થીઓ એને ચિડવવા લાગ્યા, "આ શું કરે છે તન્વી, તું ગાંડી થઈ ગઈ છે કે શું? કચરો પડ્યો રહે એમાં તને શું ફરક પડે છે? આમાં તારો ટાઈમ કેમ વેસ્ટ કરે છે?"

પણ તન્વીએ બધાની વાત સાંભળી ન સાંભળી કરી. એને ખબર હતી કે એ ટાઈમ વેસ્ટ નહીં, પણ ઈન્વેસ્ટ કરી રહી છે. એક અઠવાડિયામાં તો આખો ખૂણો ઘણો ખરો સાફ થઈ ગયો.

ત્યાર બાદ તન્વીએ એની મમ્મી પાસેથી છોડવા કેવી રીતે ઊગાડવા એનું માર્ગદર્શન મેળવ્યું. બીજા દિવસથી એણે એ ખૂણામાં જૂના છોડવાઓ આગળ જે ઘાસ ઊગ્યું હતું, એ કાઢવા લાગી.

"મને ગાર્ડનીંગ બહુ ગમે, હું તારી હેલ્પ કરું?" ધારાએ તન્વીને પૂછ્યું.

અને આમ, ધારા પણ તન્વી સાથે જોડાઈ ગઈ. ધારાને પણ સમજાઈ ગયું કે રોજ બસ-સ્ટોપ પર





કંટાળવા કરતાં કંઈ રચનાત્મક કામ કરવું જોઈએ. ખૂણો તો હવે ઘણો સુંદર લાગી રહ્યો હતો. પણ દીવાલ પર પેલા વિચિત્ર ચિત્રો અને લખાણ તન્વીને હેરાન કરી રહ્યા હતા.

"શું કરું આ ચિત્રોનું, ડેડી?" તન્વીએ પૂછ્યું.

"શું કરવું છે તારે?" ડેડીએ સામું પૂછ્યું. પોતાના પ્રશ્નોનો જવાબ ન મળતાં એ પોતે જ વિચારવા લાગી. આખરે એને એક તુક્કો સૂઝી જ આવ્યો. એણે ડેડીને કહી બિલ્ડીંગના માલિક પાસેથી દીવાલ પેઈન્ટ કરવાની પરમિશન મેળવી.

પરમિશન મળતાં જ એણે પોતાના બચાવેલા પૈસામાંથી સ્પ્રે-પેઈન્ટ ખરીદ્યું. હવે તો બીજા બાળકો પણ તન્વીના આ પ્રોજેક્ટમાં જોડાઈ ગયા. બધાએ મળીને દીવાલ પર સુંદર પેઈન્ટિંગ કર્યું.

અને આમ, દયાજનક સ્થિતિવાળો ખૂણો હવે સુંદર મજાનો થઈ ગયો. હવેથી એ ખૂણામાં ગંદકી ના થાય તે માટે બાળકો સાવચેત રહેવા લાગ્યા. સફાઈ જાળવવા માટે તેઓએ અંદરોઅંદર જુદી જુદી જવાબદારી વહેંચી લીધી. એ ખૂણામાં બાળકોએ ગુલાબના છોડવાઓ પણ વાવ્યા અને ખૂબ કાળજીપૂર્વક તેઓ એ છોડવાઓની માવજત કરવા લાગ્યા.

પ્રિન્સીપાલ સાહેબને જાણ થતાં એમણે બધા બાળકોને આવા લોકોપયોગી કામ કરવા બદલ અભિનંદન આપ્યા. અને તન્વીના માથે હાથ મૂકતાં કહ્યું, "આ પ્રોજેક્ટનો મુખ્ય શ્રેય તન્વીને જાય છે. કંટાળીને ટાઈમ પાસ કરવો સહેલો છે. ગંદકી માટે સરકારને ગાળો દેવી પણ સહેલી છે, પણ તન્વીએ એમાંનું કંઈ ન કર્યું. એણે તો એવું કંઈક કરી દેખાડ્યું જેના કારણે આજે નાના-મોટા સૌ કોઈ એ બસ-સ્ટોપ પર સુખદ પળો માણી શકે છે."

આમ તાળીઓ સાથે બધાએ તન્વીને વધાવી લીધી.

**"આ પ્રોજેક્ટનો મુખ્ય શ્રેય તન્વીને જાય છે."**

# તમારી જાતને ચકાસી જુઓ

નતાશા, અભી અને ત્રીશાને અમુક કાર્ય કરવા ગમે, અને અમુક કાર્ય કરવાનો કંટાળો આવે. જે કાર્ય કરવાનો એમને કંટાળો આવે છે, એના ઉપાય પણ એમણે શોધી કાઢ્યા છે.

નીચે આપેલા ૬ ક્લુમાંથી શોધી કાઢો કે નતાશા, અભી અને ત્રિશાને કયા કાર્ય કરવા ગમે છે, કયા કાર્ય કરવાનો કંટાળો આવે છે અને કંટાળો ટાળવા એ કયા ઉપાયનો ઉપયોગ કરે છે ?

ગમતા કાર્ય - ટી.વી જોવું, ઈન્ટરનેટ સર્ફ કરવું, અને ફરવા જવું.

કંટાળાજનક કાર્ય - ભણવું, ઘરકામમાં મદદ કરવી, અને સવારે વહેલા ઊઠવું.

## કંટાળો ટાળવાના ઉપાયો

૧. "મને ગમે છે", "મને ગમે છે" એમ રાખીને કાર્ય કરવું.

૨. એમાં એકાગ્રતા વધે તો આનંદ આવે અને કંટાળો જતો રહે. એકાગ્રતા વધારવા દસ મિનિટ આંખો બંધ કરી "દાદા ભગવાનના અસીમ જય જયકાર હો" બોલવા.

૩. એ કાર્ય કરવાના ફાયદા જાણી, એ કાર્યને ગમતું કરી અને કાર્ય કરવાની શક્તિ કેળવવી.

## ક્લુસ

૧. નતાશા, અભી અને ત્રિશાના ગમતા અને કંટાળાજનક કાર્ય એક બીજાથી જુદા છે.

૨. અભીને ઉપાય ૩, વાપરવાની જરૂર નથી.

૩. જેણે ઉપાય ૨ વાપર્યો હતો, એને સવારે વહેલા ઊઠવામાં કોઈ કંટાળો નહોતો.

૪. ત્રિશાએ ઉપાય ૧ વાપર્યો હતો, અને એને સવારે વહેલા ઊઠવામાં કે ભણવામાં કોઈ કંટાળો નહોતો.

૫. નતાશાને ફરવું બહુ ગમતું હતું.

૬. જેને 'ઈન્ટરનેટ સર્ફ કરવું ગમતું હતું એને ઘરકામમાં મદદ કરવાનો કંટાળો આવતો હતો.

## નીચેના ચાર્ટમાં ખૂટતી માહિતી શોધી કાઢો.

| | ગમતા કાર્ય | કંટાળાજનક કાર્ય | કંટાળો ટાળવાનો ઉપાય |
|---|---|---|---|
| નતાશા | | | |
| અભી | | | |
| ત્રીશા | | | |

# મીઠી યાદેં

અડાલજ નહોતું બન્યું એ પહેલાનો પ્રસંગ છે. એક દિવસ બે બ્રહ્મચર્યના ધ્યેયવાળી બહેનોએ નક્કી કર્યું હતું કે દર મહિને પોતાના પગારમાંથી અમુક ભાગ દાદામાં આપશું. પહેલાં મહિને એમના સેન્ટરમાં જઈને ડોનેશન આપી આવ્યા. બીજા મહિને પાછા ગયા ત્યારે ત્યાંના કાર્યકર્તા મહાત્મા બહેને એમને પૂછ્યું, ''તમે કેમ હવે દર મહિને ડોનેશન આપો છો ?'' બન્ને બહેનોએ એમની ભાવના કહી. કાર્યકર્તા મહાત્મા બહેન આ બહેનો વિશે બધું જાણતા હોવાથી એમણે બીજી વખતના પૈસા એમની પાસે રાખી મૂક્યાં અને થોડા વખતમાં જ્યારે નીરુમા ત્યાં સત્સંગ અર્થે આવ્યા ત્યારે એમના હાથમાં પૈસા આપી એમની ભાવનાની વાત કરી.

નીરુમાએ પૈસા હાથમાં લીધા અને આંખે અડાડી એ બહેનને પાછા આપી કહ્યું, ''આ એ બન્ને છોકરીઓને પાછા આપજે અને એમને કહેજે કે એ લોકોએ આખી જિંદગી કમાવવાનું નથી. ફટાફટ પૈસા ભેગા કરી અડાલજ આવી જવાનું છે અને દાદાનું ખૂબ કામ કરવાનું છે. આ પૈસા એ લોકોને પાછા આપી દેજો.''

નીરુમાનો સંદેશો સાંભળી એ બહેનોમાં જાણે નવું જોમ ભરાઈ ગયું. અડાલજ આવવા માટે તેઓ બધી રીતની તૈયારીઓ કરવા લાગ્યા. સમય જતાં તેઓ અડાલજ આવી પણ ગયા.

અડાલજ આવ્યા પછી એક દિવસ તેઓએ નીરુમાને પચાસ હજારના બે ચેક આપી કહ્યું, ''નીરુમા, અમારી બચતમાંથી થોડો ભાગ હમણાં છૂટો થયો છે. બીજું ઈન્વેસ્ટમેન્ટ કરતાં પહેલા અમારી ઈચ્છા છે કે ભગવાન માટે આપીએ. એકવાર હવે ઈન્વેસ્ટ થઈ જશે પછી અમારા હાથમાં જલદી પૈસા નહીં આવે.''




નીરુમાને એ બહેનોની આર્થિક પરિસ્થિતિ ખબર હોવાથી એમણે ખૂબ પ્રેમથી કહ્યું, ''છોડીઓના પૈસા કંઈ લેવાતા હશે ? આ બધા ઈન્વેસ્ટ કરી દો.'' એમ કહી એમણે ચેક પાછા આપી દીધા.

બન્ને બહેનોને ભગવાન માટે આપવાના ખૂબ ભાવ હતા. તેથી તેઓ નીરુમાને ચેક સ્વીકારવા માટે ફરી ફરી આગ્રહભરી વિનંતી કરવા લાગ્યા. બન્નેનો ભાવ જોઈ નીરુમા બોલ્યાં, ''આટલા બધા તો લેવાય જ નહીં. એક કામ કરો, તમે મને ૧૧ હજાર આપો. અમે ભગવાન પાસે તમારા ૧૧ લાખ જમા કરાવી દઈશું.''

આ સાંભળી બન્ને બહેનો ગદ્‌ગદ્‌ થઈ ગઈ અને નીરુમાનાં ચરણોમાં નમી પડી. સામાનાં ભાવોને કળી જઈ એને પૂરા પણ કરતા અને એને કોઈ તકલીફ પણ ન પડવા દેતા, એ

**જ્ઞાનીઓની કેવી અદ્‌ભુત કરુણા !**

# ઐતિહાસિક ગૌરવગાથાઓ



*પાછળના અંકમાં આપણે જોયું કે ચંપાનગરી પર ચડાઈ થતાં રાજા દધિવાહન નાસી છૂટ્યા. રાણી ધારિણી અને રાજકુમારી વસુમતીને રથમાં બેસાડીને એક સૈનિક જંગલ વાટે ભાગી છૂટ્યો. રસ્તામાં સૈનિકની રાણી પ્રત્યે દૃષ્ટિ બગડી. રાણીએ વીંટીમાંનું ઝેર ચૂસી મૃત્યુ સ્વીકાર્યું. સૈનિક ગભરાઈ ગયો. રાજકુમારી પણ માતા જેવું પગલું ભરે તો કંઈ હાથમાં ન આવે એમ વિચારી એણે રાજકુમારીને કૌશાંબી નગરીમાં ભરબજારે વેંચવા ઊભી રાખી. એક સંસ્કારી શેઠ ધનાવહે રાજકુમારીને દુરાચારી વ્યક્તિઓથી બચાવવા ખરીદી લીધી. હવે આગળ...*

ધનાવન શેઠ વસુમતીને પોતાના ઘરે લઈ ગયા. તેમની પત્ની મૂળા શેઠાણીને સર્વ હકીકત જણાવી અને વસુમતીને એમને સોંપતા કહ્યું, "શેઠાણી, આ બાળાને પુત્રી જેવો સ્નેહ આપજો. આમેય આપણને કોઈ સંતાન નથી. ઈશ્વરે આપણી એ ઈચ્છા પણ પૂરી કરી દીધી."

વસુમતી, શેઠ અને શેઠાણીને પગે લાગી અને પોતાને આશરો આપવા બદલ ખૂબ ખૂબ આભાર માન્યો.

દિવસો પસાર થવા લાગ્યા. ધીમે ધીમે વસુમતીએ ઘરનું બધું કામ સંભાળી લીધું. એના સદ્‌ગુણોની સુવાસ આડોશ પાડોશમાં પણ ફેલાઈ ગઈ. એણે બધાનો પ્રેમ જીતી લીધો. શેઠનો પણ પુત્રી વસુમતી પર સ્નેહ વધતો ગયો.

શેઠને ઘરે એક કામવાળી બહેન હતી. એ શેઠના ઘરનું બધું જ કામ કરતી. શેઠની વસુમતી પ્રત્યેની વધતી જતી લાગણી જોઈને એ મૂળા શેઠાણીના કાન ભંભેરતા બોલી, "શેઠાણીજી, તમે તો બહુ ભોળા છો. વસુમતી ધીમે ધીમે શેઠ અને ઘર બન્ને પર કબજો જમાવી બેસશે, અને એક દિવસ શેઠ તમને ઘરમાંથી કાઢી મૂકશે અને તમે જોતાં જ

રહી જશો. હજુ પણ મોડું નથી થયું. કંઈક વિચારો.''

શેઠાણીને આ વાત માનવામાં આવતી ન હતી. એવામાં એક દિવસ શેઠ બહારથી આવ્યા ત્યારે વસુમતી લોટામાં પાણી લઈ એમના ચરણ ધોવા ગઈ. વાંકી વળીને પગ ધોતી વખતે એના ખુલ્લા કેશ પાણીમાં પડી રહ્યા હતા. વાળ ભીના ન થઈ જાય એ હેતુથી શેઠે એના વાળ ઊંચા પકડી રાખ્યા. જોગાનુજોગ મૂળા શેઠાણી એ જ વખતે રસોડામાંથી બહાર આવ્યા અને એમણે આ દ્રશ્ય જોયું. એને તરત જ નોકરાણીની વાત યાદ આવી ગઈ. એના હૈયામાં આગ લાગી ગઈ. શેઠ એના હાથમાંથી કાયમ માટે જતા રહેશે એવો એને ડર લાગવા લાગ્યો.

જો આ વાતને અહીંથી અટકાવવામાં નહીં આવે તો તેનું પરિણામ મારે માટે ખરેખર ખરાબ આવશે, એમ વિચારી મૂળા શેઠાણીએ એક યુક્તિ ઘડી. એમણે નોકરાણીને રજા આપી દઈને, બધું કામ વસુમતી પર નાખી દીધું. આખો દિવસ કામ કર્યા પછી ભરપેટ ખાવા પણ ન આપતા.

દિવસે ને દિવસે વસુમતી સુકાતી ગઈ. શરીરે નિર્બળતા આવતી ગઈ. પણ કર્મના સિધ્ધાંતમાં માનનારી વસુમતી પોતાના જ કર્મોનો દોષ જોઈ બધું સમતાભાવે સહન કરવા લાગી. મૂળા શેઠાણી પ્રત્યે જરા પણ ભાવ બગાડ્યાં વગર એ હંમેશાં એને ઉપકારી ભાવે જ જોતી. જીનેશ્વર ભગવાનને યાદ કરતી, કોઈ પણ ફરિયાદ વગર એ દિવસો પસાર કરવા લાગી.

એક વખતની રાજકુમારીની આ તે શી દશા !!

-વધુ આવતા અંકે





# ચાલો રમીએ

૧ દર્શાવેલ આકૃતિમાં ૨૦૧૩ કેટલી વાર આવે છે ?




૨ નીચેના ૧૨ ખાનામાં ૧ થી ૧૨ આંકડા એવી રીતે ગોઠવો કે આડી અને ઉભી (→) (↑) દર્શાવેલ હરોળ તેમ જ સરખા રંગના ૪–૪ ચોકઠાનો સરવાળો ૨૬ આવે.






## ૩ રસ્તો શોધો.





## ૪

નીચેની આકૃતિમાં બે ખૂણાને જોડતો એવો ખૂણો દોરો કે આકૃતિના બે સરખા આકાર બને.



## ૫

નીચે આપેલા ચિત્રમાં કેટલા પ્રાણીઓ છે તે શોધો.



## ૬



અહીં દર્શાવેલી ઘોડાની નાળને સાત ભાગમાં ત્રણ સીધી લીટીથી એવી રીતે ભાગ પાડો કે દરેક ભાગમાં નેલ હોલ આવે.



# પૂજ્યશ્રી સાથે બાળકો

પ્રશ્નકર્તા : મને આખો દિવસ કંટાળો રહ્યા કરે છે. બધી જ વસ્તુમાં કંટાળો આવે અને એક વાર કંટાળો આવે એટલે ધીમે ધીમે એ કંટાળો એટલો બધો વધે કે પછી કામ કરવાનો કંટાળો આવે, બધી બાબતનો કંટાળો આવે.

પૂજ્યશ્રી : તમને ખાવામાં કંટાળો આવે છે ? ઊંઘવામાં કંટાળો આવે છે ? કામ ના કરવાનો કંટાળો આવે છે ? સારા સારા કપડા પહેરીને ફર ફર કરવમાં કંટાળો આવે છે ?

પ્રશ્નકર્તા : ના

પૂજ્યશ્રી : એટલે વૃત્તિઓને મજા કરવી છે. અને ખરેખર એને મજા કરવાનું મળતું નથી એટલે પછી એને કંટાળો આવે છે.

પ્રશ્નકર્તા : તો હું શું કરું ?

પૂજ્યશ્રી : કંઈ ક્રિયેટિવ ખોળી કાઢવાનું, જે ગમતું હોય એવું. ચિત્રકામ છે કે પછી મમ્મીને ઘરમાં મદદ કરવી એવું કંઈ. એમાં લાગી જવું એટલે કંટોળો જતો રહેશે. મમ્મીને મદદ કરવાનું ગમે ?

પ્રશ્નકર્તા : હા

પૂજ્યશ્રી : તો મદદ કરજે હં. એટલે કંટાળો જતો રહેશે.

પ્રશ્નકર્તા : સારું.

પ્રશ્નકર્તા : મને અગ્રેંજી આવડી જાય ને મોટી થઈને જગતનું કલ્યાણ કરું એવી શક્તિ આપજો.

દિપકભાઈ : હા, પણ જગતના કલ્યાણ નું ધ્યેય રાખતા હોય એને ચોખ્ખું ના થવું પડે ? આંબા જેવા થવાનું, લોકો પથ્થરા મારે તો પણ આંબો કેરી આપેને કે ચિડાય બધા ઉપર ? આંબો ચિડાઈ કોઈ ઉપર ?

પ્રશ્નકર્તા : ના.

દિપકભાઈ : આંબો છાયો આપે, કેરી આપે, એવા આપણે પરોપકારી થવાનું. કોઈને દુઃખ નહીં આપવાનું. જગતકલ્યાણની શરૂઆત ક્યાંથી છે, તો કોઈને દુઃખ આપવાના બંધ કરો, કોઈના નેગેટિવ જોવાના બંધ કરો, જગત કલ્યાણની ભાવના ભાવો, સારું થશે.

## પઝલના જવાબ




૧. ૫૦




૫. ૬

## તમારી જાતને ચકાસી જુઓ

| | ગમતા કાર્ય | કંટાળાજનક કાર્ય | કંટાળો ટાળવાનો ઉપાય |
|---|---|---|---|
| નતાશા | ફરવા જવું | સવારે વહેલા ઊઠવું | ઉપાય-૩ |
| અભી | ટી.વી જોવું | ભણવું | ઉપાય- ૨ |
| ત્રીશા | ઈન્ટરનેટ સર્ફ કરવું | ઘરકામમાં મદદ કરવી | ઉપાય- ૧ |

## અક્રમ એક્સપ્રેસના વાચકોને....

બાળમિત્રો,

દર મહિને આપણે મળીએ તો છીએ પણ હું તમને પૂછવાનું ભૂલી જાઉં છું ચાલો, આજે પૂછી લઉં. તો મિત્રો, તમને અક્રમ એક્સપ્રેસ વાંચવાનું ગમે છે ? અક્રમ એક્સપ્રેસ વાંચ્યા પછી તમારા જીવનમાં કેવો ફેરફાર તમે અનુભવો છો ? એ અમને જરૂરથી જણાવજો જેથી અમને તમારા માટે વધુ ને વધુ સારા અંકો બનાવવા માટે પ્રોત્સાહન મળે. તમારા અનુભવો અમને નીચે આપેલા એડ્રેસ અથવા **e-mail id** પર જરૂરથી મોકલાવશો.

બાળવિજ્ઞાન વિભાગ, ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, મુ.પો.- અડાલજ,
જી.-ગાંધીનગર - ૩૮૨૪૨૧, e-mail:akramexpress@dadabhagwan.org

## સમર કેમ્પ

## બાળકો-યુવાનો માટે સંસ્કાર સિંચન શિબિર-વર્ષ ૨૦૧૩

| સ્થળ | ગ્રુપ A- યુવાન ભાઈઓ માટે ૧૩ થી ૧૬ વર્ષ | | સંપર્ક નંબર |
|---|---|---|---|
| મુંબઈ | ૧૯,૨૦,૨૧ એપ્રિલ | | ૦૯૩૨૧૦૧૦૨૦૮ |
| સીમંધર સીટી | ૨૭,૨૮ એપ્રિલ | | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| સુરત | ૪,૫ મે | | ૦૯૮૯૮૬૮૯૬૯૭ |
| રાજકોટ | ૧૮,૧૯ મે | | ૦૯૮૨૪૨૧૮૦૫૬ |
| | ગ્રુપ B- છોકરાં-છોકરીઓ માટે | | |
| | ૭ થી ૯ વર્ષ | ૧૦-૧૨ વર્ષ | |
| મુંબઈ (ઘાટકોપર) | ૨૦,૨૧ એપ્રિલ | ૨૦,૨૧ એપ્રિલ | ૦૯૩૨૦૨૫૫૨૬૬ |
| મુંબઈ (કાંદીવલી) | ૧૩,૧૪ એપ્રિલ | ૧૩,૧૪ એપ્રિલ | ૦૮૬૫૨૮૯૦૦૬૬ |
| ભાવનગર | ૨૨,૨૩ એપ્રિલ | ૨૨,૨૩ એપ્રિલ | ૯૫૭૪૦૦૮૦૯૦ |
| રાજકોટ | ૪,૫ મે | ૬,૭ મે | ૮૮૬૬૮૮૮૮૩૭ |
| વડોદરા | ૨૫,૨૬ એપ્રિલ | ૨૭,૨૮ એપ્રિલ | ૮૯૮૦૯૯૫૨૫૫ |
| ભુજ | ૪,૫ મે | ૬,૭ મે | ૯૯૦૯૫૬૫૬૭૯ |
| સુરત | ૨૫,૨૬ એપ્રિલ | ૨૫,૨૬ એપ્રિલ | ૯૭૨૫૮૩૨૭૦૪ |
| સીમંધર સીટી | ૧૬,૧૭ મે | ૧૮,૧૯ મે | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| | ગ્રુપ C- યુવાન બહેનો માટે | | |
| | ૧૩ થી ૧૬ વર્ષ | ૧૭ થી ૨૧ વર્ષ | |
| સીમંધર સીટી | ૧,૨ મે | ૨૧,૨૨,૨૩ મે | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| | ગ્રુપ D- યુવાન ભાઈઓ માટે (૧૭ થી ૨૧ વર્ષ) | | |
| સીમંધર સીટી | ૧૩,૧૪,૧૫ મે | | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| ભુજ ત્રિમંદીર | ૨૭,૨૮ એપ્રિલ (૧૩ થી ૨૧ વર્ષ) | | ૦૭૫૬૭૫૬૧૫૫૬ |

Akram Express

February 2013
Year : 5, Issue : 6
Conti. Issue No.: 54

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

**વિશેષ નોંધ**

૧. સમરકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨. રજીસ્ટ્રેશન જે-તે કેમ્પના ૧૦ દિવસ અગાઉ બંધ કરવામાં આવશે, ત્યાર બાદ થનાર રજીસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

૩. ઉપર જણાવેલ સેન્ટરમાંથી કોઈ એક સેન્ટર પર જ ભાગ લઈ શકાશે.

## હા... હા... હી... હી...

ભિખારી: કંઈ દાન આપને બેટા.
ચંદુ: લે આ ૫ રૂપિયા.
ભિખારી (ખુશ થઈને): માંગ માંગ બેટા માંગે એ આપું.
ચંદુ: બાબાજી મેં તમને જે ૫ રૂપિયા આપ્યા છે એ મને પાછા આપી દો.

વ્યાખ્યાતા : મારું ભાષણ જો બહુ લાંબુ થઈ ગયું હોય તો તેનું કારણ એ છે કે મારું કાંડા-ઘડિયાળ ઘરે રહી ગયું છે અને આ સભાખંડમાં ઘડિયાળ દેખાતું નથી.
શ્રોતાઓમાંથી અવાજ : અલ્યા ભાઈ, પણ તને આ દિવાલ પર લટકતું તારીખીયું યે ના દેખાયું?

બાપુ એક ચોપડી વાંચતા વાંચતા રડવા માંડ્યા.
બાએ પૂછ્યું; રડો છો કાં ?
બાપુ : આ બુકનો અંત બહુ કરુણ છે.
બા : કઈ બુક છે ?
બાપુ : પાસબુક.

રોહિત : તું કેવી રીત કહી શકે છે કે માણસ કરતા ઘોડા વધારે સમજદાર હોય છે ?
અમીત : સાવ સીધી વાત છે. જ્યારે મેદાનમાં દસ ઘોડા દોડે છે ત્યારે તેને જોવા માટે હજારો માણસો ભેગા થાય છે પણ જો ક્યાંક મેદાનમાં દસ માણસો દોડશે તો એક પણ ઘોડો તે જોવા નહિ આવે.

ટીચર: તમે જાણો છો કે આફ્રિકા ના એક વિસ્તારના છોકરા સ્કૂલ નથી જતા તો આપણે પૈસા ભેગા કરીને શું કરવું જોઈએ
બધા બાળકો એક સાથે- આફ્રિકા જવું જોઈએ.

**અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના**

આપનું વાર્ષિક લવાજમ પુરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##**.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.